અપીલ અરજી નં.૧૬૦ તા.૭–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૯–૫–૧૧ની અરજીથી આઈડી નં.૧૪૩૪ તા.૩૧/૩/૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ તે માહિતીના અનુસંધાનમાં ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન – આરટીઆઈ–આ. નં.૧૭૧તા.૬/૫/૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ કે પ્લાન મંજુર થઈ ગયા બાદ મંજુર પ્લાન કરતા વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કરે તો સુ.મ.ન.પા.ના જે તે વિસ્તારના લગતા કર્મચારી/ અધિકારી તેમજ આર્કીટેકએન્જી જવાબદારી આવે છે તેવું જણાવેલ તો સુ.મ.ન.પા.એ ગેરકાયદેસર બાંધકામ બાબતે છેલ્લા પાંચ વર્ષમાં સાતેયઝોનમાં કેટલા કર્મચારી/ અધિકારી તેમજ આર્કીટેકએન્જી પર કાર્યવાહી કરી તેની રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો તેમજ સર્ટીફાઈડ કોપી ફાળવવાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૦/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૯–૫–૧૧ની અરજીથી આઈડી નં. ૧૪૩૪ તા. ૩૧/૩/૧૧થી જે માહિતી માંગવામાં આવેલ તે માહિતીના અનુસંધાનમાં ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સે.ઝોન–આરટીઆઈ–આ .નં. ૧૭૧ તા.૬/૫/૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ કે પ્લાન મંજુર થઈ ગયા બાદ મંજુર પ્લાન કરતા વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કરે તો સુ.મ.ન.પા.ના જે તે વિસ્તારના લગતા કર્મચારી/ અધિકારી તેમજ આર્કીટેક એન્જી જવાબદારી આવે છે તેવું જણાયેલ તો સુ.મ.ન.પા.એ ગેરકાયદેસર બાંધકામ બાબતે છેલ્લા પાંચ વર્ષમાં સાતેયઝોનમાં કેટલા કર્મચારી/ અધિકારી તેમજ આર્કીટેકએન્જી પર કાર્યવાહી કરી તેની રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો તેમજ સર્ટીફાઈડ કોપી ફાળવવાની માહિતી આપવા બાબતે લીંબાયત ઝોન,કતારગામ ઝોન,રાંદેર ઝોન તરફથી ખોટી માહિતી મળેલ અને વરાછા ઝોન તરફથી અધુરી મળેલ માહિતી તથા અઠવા ઝોન,ઉધના ઝોન અને સેન્ટ્રલ ઝોન તરફથી માહિતી મળેલ નહીં હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં શિક્ષાત્મક કાર્યવાહીના રજીસ્ટરે કે ગેરકાયદે બાંધકામ રજીસ્ટર પરની આ અંગેની દફતરી વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૯૨ તા.૧૫–૭–૧૧ થી થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી અરજીમાં જણાવેલ નથી લીંબાયતઝોન તથા કતારગામ ઝોન સિવાયના ઝોનની મુળ માહિતી સામેલ કરેલ નથી તે તથા તબદીલીના પત્રો હોય તો તેની સાથે રજુ કરવા તેમજ ખોટી માહિતીના તેમની કક્ષાએ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૮૦ તા.૧૯–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૦ તા.૧૦–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર, અઠવા, ઉધના, લીબાંયત અને વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૪૪૬ તા.૧૪–૭–૧૧ ના નિયત સમય અવધિ બાદના પત્રની નકલ, અરજી ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ આ.નં.૩૨૮ તા.૨૦–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ , તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૦૭ તા.૬–૬–૧૧ ના સમય અવધિમાંના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૨૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, તબદીલ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૪–૬–૧૧ ના સમય અવધિમાંના પત્રની નકલ તથા પત્રક–એ ની નકલ, કર્મચારીઓને આપેલ કારણદર્શક નોટીસની નકલો અને તેમના પ્રત્યુત્તરની નકલો અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/

આ.નં.૬૪૭ તા.૨૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૦૪ તા.૧૭–૬–૧૧ ના પત્રની સમય અવધિ બાદના નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૭૮૬ તા.૨૬–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ તથા કર્મચારીઓને મેમો, કારદર્શક નોટીસની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૭૦ તા.૯–૬–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી પરંતુ અરજદાર તરફથી આપવામાં આવેલ માહિતી અંગે તા.૨૩–૫–૧૧ ના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝનો તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૨૨–૭–૧૧ ના પત્રની નકલ તથા તેમને સેન્ટ્રલઝોન તરફથી મળેલી માહિતીની વિગતો રજૂ કરેલ છે.

અરજદારની તા.૯–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૦ તા.૧૦–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર, અઠવા, ઉધના, લીબાંયત અને વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તા.૨૩–૫–૧૧ ના પત્રથી " મંજુર પ્લાન કરતા વધારાના કાયદા વિરુધ્ધના બાંધકામ અંગે ( પ્લાન મંજુર થઈ ગયા બાદ) સુમપાના જે તે વિસ્તારના કર્મચારી/ આર્કીટેક એન્જી. છેલ્લા પાંચ(૫) વર્ષમાં કોઈ કાર્યવાહી કરી હોય તે બાબતે ઝોન કક્ષાએ ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં તેઓ વિરુધ્ધ કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાવેલ નથી. આથી રેકર્ડ આધારીત આપવાજોગ માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં. ૪૪૬ તા.૧૪–૭–૧૧ થી " અરજીમાં જણાવેલ માહિતી બાબતે પ્લાન મંજુર થઈ ગયા બાદ મંજુર પ્લાન કરતાં વધારેનું ગેરકાયદેસર બાંધકામ છેલ્લા પાંચ વર્ષમાં આર્કી./એન્જી./પર કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી નીલ છે. વધુમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે છેલ્લા પાંચ વર્ષમાં અઠવાઝોનના કુલ ૧૩ અધિકારી/કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૭ તા.૬–૬–૧૧ થી " ગેરકાયદેસર બાંધકામ બાબતે છેલ્લા પાંચ વર્ષમાં વેસ્ટઝોન ખાતે ૦૧ (એક) કર્મચારી પર કાર્યવાહી કરવામાં આવેલ છે જે અંગેના રેકર્ડની નકલ પાનાદીઠ રૂા.૨/– મુજબ એક પાનાના રૂા.૨/– રાંદેરઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે. તેમજ સબંધિત આર્કીટેકટ એન્જી. પ્રતિ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું રાંદેરઝોનના રેકર્ડ પર જણાયેલ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૪–૬–૧૧ ના પત્રથી " વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં પૂર્વઝોન/(વરાછા) ના કર્મચારીઓ સામે ગેરકાયદેસર બાંધકામ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે તેની માહિતી આ સાથે સામેલ પત્રક મુજબ છે. તેમજ સર્ટીફાઈડ કોપી મેળવવા માટે રૂા.૮/– ભર્યેથી આપવામાં આવશે." તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૦૪ તા.૧૭–૬–૧૧ થી " સુમપાએ ગેરકાયદેસર બાંધકામ બાબતે છેલ્લા પાંચ વર્ષમાં સેન્ટ્રલઝોનમાં ૭ (સાત) કર્મચારી/અધિકારી તેમજ ૧૨ (બાર) આર્કીટેક એન્જી. પર કાર્યવાહી કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૩૫૪ તા.૩–૬–૧૧ થી " શહેર વિકાસ વિભાગને સ્પર્શતી વિગતે મંજુર પ્લાન કરતાં વધારાના બાંધકામ બાબતે આર્કી. એન્જી. પર છેલ્લા પાંચ વર્ષમાં કરેલ કાર્યવાહી અંગે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. જયારે ગેરકાયદેસર બાંધકામ બાબતે કતારગામઝોન ખાતે અધિકારી/કર્મચારી સામે કરવામાં આવેલ કાર્યવાહીની રેકર્ડ આધારીત માહિતીની નકલ સબબ નીચે જણાવેલી વિગત અનુસાર રૂા.૧૮/–(રૂપિયા અઢાર પૂરા/–) જમા કરાવવાનું આપને ફરમાવવામાં આવે છે. દસ્તાવેજ ફી ભર્યેથી તેમના ધ્વારા માંગવામાં આવેલ સદર માહિતી આપને પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૮–૬–૧૧ ના રોજ રૂા.૧૮/– દસ્તાવેજ ફી રસીદ નં.૩૧૭૪૧૧ થી નોર્થઝોન ખાતે ભરપાઈ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૭૦ તા.૯–૬–૧૧ ના રોજ આપવા જોગ માહિતીની નંગ–૦૯ પૂરી પાડવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ બાબતે લીંબાયત, રાંદેર,કતારગામઝોન તરફથી ખોટી માહિતી તેમજ વરાછાઝોન તરફથી અધૂરી માહિતી અને અઠવા, ઉધના અને સેન્ટ્રલઝોન તરફથી માહિતી પૂરી પાડેલ નથી તેવું જણાવી અરજદારે તા.૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે લીંબાયતઝોન બાબતે કોર્પોરેટરના ગેરકાયદેસર બાંધકામ બાબતે પ્રસિધ્ધ થયેલ સમાચારના આધારે બાંધકામ તોડવામાં આવેલ તે બાબતનું ઉદાહરણ ટાંકી કર્મચારી સામે પગલા લીધા નથી. તેવું જણાવી માહિતી અધૂરી હોવાના દાવો કરી જણાવેલ છે કે કર્મચારી સામે પગલા લીધા હોય તેવા વિગતનો આધાર આપી અને જો તેવી વિગત કર્મચારીના પગલામાં જણાવેલ ન હોય તો માહિતી ખોટી ગણી શકાય. કાર્યવાહી થાય તેવા તમામ કિસ્સાઓમાં કર્મચારી દોષિત હોય તેવું અનુમાન બાંધી શકાય નહીં. કતારગામઝોન બાબતે અરજદારે માહિતી ખોટી હોવાના દાવા અંગે કર્મચારી સામે કાર્યવાહી હોય તો આર્કી. સામે કેમ નહીં તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ કર્મચારી સામેની તથા આર્કી. સામેની પણ વિગત આપેલ છે અને તેમાં આર્કી. ની માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની હોય છે. રાંદેરઝોન તરફથી આ.નં.૨૩૦ તા.૧૬–૬–૧૧ થી જે માહિતી આપી છે તે ખોટી તેમજ બીજી વ્યકિતની માહિતી મને મોકલાવેલ જે સાચી માહિતી અપાવવી. જે બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં ૨૦૭ તા.૬–૬–૧૧ થી સદર અરજીની માહિતી આપવામાં આવેલ છે જેમાં એક કર્મચારીની કાર્યવાહી તથા આર્કી. એન્જી. પ્રતિ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું કચેરીના રેકર્ડ ઉપર જણાયેલ નથી. તેવું જણાવેલ છે. આથી સદર પત્ર બાબતે અરજદારને અપીલ સાથે નિયમ–૬ મુજબ રજૂ કરવાનો હોય તે રજૂ કરેલ નથી તેમજ અપીલ તબકકે પત્ર પાઠવી પૂરક વિગતો સાથે પણ તેવો કોઈ પત્ર રજૂ કરેલ નથી. આથી તે બાબતે કોઈ આધાર અરજદારે રજૂ કરેલ નથી. વરાછાઝોન તરફથી આર્કી. ની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવી કર્મચારી સામે કાર્યવાહી કરવામાં આવેલ છે તેના જવાબની કોપી રજૂ કરેલ નથી તેથી માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અત્રે જાહેર માહિતી અધિકારી તરફથી કર્મચારીઓના જવાબની નકલ અત્રે રજૂ કરેલ છે અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને જે અંગે રૂા.૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ પરંતુ અરજદારે તે માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી તેમજ જાહેર માહિતી

અધિકારી તરફથી પણ તેવી વિગત જણાવેલ નથી. સેન્ટ્રલઝોન અઠવાઝોન અને ઉધનાઝોનની માહિતી મળ્યા બાદ આધાર રજૂ કરી તે બાબતે અઠવાઝોન અને સેન્ટ્રલઝોનના જવાબો મળેલ છે આથી તે બાબતે કોઈ તકરાર નથી. ગેરકાયદેસર બાંધકામ બાબતે કર્મચારી તેમજ આર્કી. બંનેની જવાબદારી આવતી હોવા છતાં આર્કી. નો બચાવ કરેલ છે તેવા પ્રશ્ન બાબતે તમામ ઝોન તરફથી બંને પક્ષકારોની માહિતી આપવામાં આવેલ છે. જેમાં કતારગામઝોન તરફથી આર્કી. ની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું તથા અન્ય ઝોનની માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જયારે સેન્ટ્રલઝોન ખાતેથી તેવી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે સેન્ટ્રલઝોન તરફથી માહિતી મળ્યા હોવાનું જણાવેલ છે. જેમાં અરજદારે સેન્ટ્રલઝોન તરફથી અર્કી.એન્જી. ઉપર કાર્યવાહી કરી નોટીસ આપવામાંઆવેલ હોય તો બીજા તમામઝોન તરફથી આર્કી/એન્જી. ઉપર કાર્યવાહી શા માટે કરવામાં આવેલ નથી. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ દરેક ઝોન તરફથી તેવી માહિતી નીલ હોવાનું તથા કતારગામઝોન તરફથી માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. અરજદારને અપીલમાં જાહેર માહિતી અધિકારીના નામ બાબતે આજ દિન સુધી અપીલ અધિકારીઓના નામ જણાવેલ નથી આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) ની જોગવાઈ મુજબ અપીલમાં પક્ષકારોના નામ અરજદારે જણાવવાના હોય છે અને તે મુજબ અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં તેમના તરફથી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. ઉધનાઝોન તરફથી માહિતીની નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે બાબતે ઉધનાઝોન તરફથી અરજદારાને કોઈ વિગતો પૂરી પાડેલ જણાતી નથી.

આમ અરજદારને વરાછાઝોન તરફથી આપેલ માહિતીમાં કર્મચારીઓને આપેલ નોટીસના અનુસંધાને તેમના જવાબની નકલ નહીં પૂરી પાડયાની તેમજ ઉધનાઝોન તરફથી કોઈ પણ માહિતી નહીં પૂરી પાડવામાં આવેલ હોય તેવું જણાતું નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૯–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે. જયારે વરાછાઝોનની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં કરેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી કર્મચારીની નોટીસની નકલો મેળવવા સ્વતંત્ર છે.

સેન્ટ્રલઝોનની માહિતી બંને કક્ષાની હોઈ તકરારને કોઈ સ્થાન નથી. તે સિવાય અઠવા, રાંદેર, કતારગામ, તથા લીંબાયતઝોન કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી આપેલ છે તેથી તે અંગે અરજદારની અપીલમાંની રજૂઆત બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.